# બારડોલીને 'સેટેલાઈટ ટાઉન' બનાવવા અર્બન પ્લાનર્સને નોતરું

**2030 સુધીમાં સાણંદ, કલોલ, સાવલી, બારડોલી અને હીરાસરને સેટેલાઇટ ટાઉન તરીકે વિકસિત કરવામાં આવશે**

ગાંધીનગર: વર્ષ-2047 સુધી વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા અને ભારતનાં દરેક રાજ્યના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે, પીએમ નરેન્દ્ર મોદીએ ટિયર-2 અને ટિયર-3 શહેરોના વ્યૂહાત્મક વિકાસને વેગ આપવાનું વિઝન રજૂ કર્યું છે. આ વિઝનને અનુરૂપ ગુજરાતમાં ઓક્ટોબર 2025માં પાંચ સેટેલાઈટ ટાઉન વિકસિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વર્ષ-2030 સુધીમાં આ શહેરોમાં મહાનગરો જેવી સુવિધાઓ વિકસિત કરીને તેમને આર્થિક રીતે સશક્ત બનાવવાનું આયોજન છે, જેથી મોટા શહેરો પરથી ભારણ ઘટાડી શકાય.

શહેરી વિકાસ વર્ષ-2025માં 'અર્નિંગ વેલ-લિવિંગ વેલ'નો મંત્ર સાકાર કરવાના ઉદ્દેશથી રાજ્ય સરકારે અમદાવાદ પાસે સાણંદ, વડોદરા પાસે સાવલી, ગાંધીનગર પાસે કલોલ, સુરત પાસે બારડોલી અને રાજકોટ પાસે હીરાસરને 'સેટેલાઈટ ટાઉન' તરીકે વિકસિત કરવાનો નિર્ણય કર્યો છે. આગામી બે મહિનામાં કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવશે, જેઓ એક વર્ષની અંદર શહેરો માટે માસ્ટર પ્લાન તૈયાર કરીને રજૂ કરશે.

### શું છે સેટેલાઇટ ટાઉન?

સેટેલાઇટ ટાઉન એટલે મોટા શહેર અથવા મહાનગરની નજીક સ્થિત એવું શહેર જ્યાં મોટા શહેરથી એક કલાકમાં પહોંચી શકાય છે. આવાં શહેરોની ઓળખ કરીને તેમને આર્થિક રીતે ધમધમતા કેન્દ્રો બનાવવાનો ઉદ્દેશ છે, જેથી મોટા શહેરો પર ભારણ ઘટે અને આ શહેરોમાં રોજગારીની નવી તકો ખૂલે. આ શહેરોમાં વિશ્વસ્તરીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને નાગરિક કેન્દ્રીત સુવિધાઓ વિકસિત કરવામાં આવશે.

### સેટેલાઇટ ટાઉનમાં વિકસિત થનારી સુવિધા

સેટેલાઇટ ટાઉનમાં અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સુવ્યવસ્થિત જાહેર પરિવહન સુવિધા (ઇલેક્ટ્રિક બસ સુવિધા સાથે), પાણી પુરવઠો અને વેસ્ટ મેનેજમેન્ટ માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઇન્ફ્રાસ્ટ્રક્ચર રિંગ રોડ, અર્બન ફોરેસ્ટ પાર્ક, સુંદર તળાવ, મોડેલ ફાયર સ્ટેશન અને મિક્સ યુઝ ઇન્ફ્રાસ્ટ્રક્ચર (ઓફિસ, ઘર, દુકાનો બધુ નજીકમાં) નું નિર્માણ કરવામાં આવશે. આ સુવિધાઓની કામગીરીને ઝડપથી અમલી બનાવવા માટે મંજૂરી તેમજ દેખરેખ સમિતિની રચના કરવામાં આવી છે.

## હાંસોટમાં અકસ્માત કરનાર ટ્રેલર ચાલક ઝડપાયો

અંકલેશ્વર: ગત તા.23-12-2025ના રોજ પુનગામથી અંદાડા જવા માટે નીકળેલા ચંદ્રકાંતભાઈ બાબુભાઈ પટેલ (ઉં.વ.51) પોતાની સ્પ્લેન્ડર બાઈક પર જતા હતા. રાત્રિના આશરે સાડા બાર વાગ્યાના અરસામાં હાંસોટ તરફથી અંકલેશ્વર જતાં માર્ગ પર કડકિયા કોલેજ પાસે એક ટ્રેલરે પૂરઝડપે વાહન ચલાવી તેમની બાઈકને અડફેટે લીધી હતી. અકસ્માતમાં ચંદ્રકાંતભાઈને ઈજા થતાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ટ્રેલર ચાલક વડોદરાના રહીશ કુષ્ણકુમાર રામદેવ શર્મા વાહન લઈને ફરાર થઈ ગયો હતો. તપાસ દરમિયાન પોલીસે ટ્રેલર સાથે આરોપીને ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



**સાગબારાની શાળાના ઉદ્ઘાટનમાં આમંત્રણ ન આપતાં આક્રોશ**

# કલેક્ટર-તલાટી પ્રજાના 'નોકર' અમે 'સેવક' છીએ: ચૈતર વસાવા

**'મારું નહીં પરંતુ મારી જનતાનું અપમાન, કલેક્ટરને મારાથી શું તકલીફ છે?': ચૈતર વસાવાનો વાકપ્રહાર**

સાગબારા, ભરૂચ: સાગબારા ખાતે એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલના લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે પહોંચી AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ હાજરી આપી. તેમણે ધારાસભ્ય તરીકે પોતાને આમંત્રણ ન આપનાર અધિકારીઓ સહિત કલેક્ટરનો પણ ઉધડો લીધો હતો.

ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, 240ની કેપેસિટી વાળી, 16 ક્લાસ રૂમ, લેબોરેટરી, લાઇબ્રેરી સહિત તમામ સુવિધાઓથી સજ્જ સંકુલ બનાવવામાં આવ્યું છે. અહીંથી ભણીગણીને યુવાનો પોતાની કારકિર્દીને આગળ વધારશે, માટે ગુજરાત સરકારના આ સાહસને અમે બિરદાવીએ છીએ.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મારા વિસ્તારમાં આટલા મોટા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, પરંતુ કલેક્ટર કે પ્રાંત અધિકારી સહિત કોઈએ મને શા માટે આમંત્રણ આપ્યું નહીં? આ વિસ્તારનો ધારાસભ્ય છું, તેમ છતાં પણ મને કોઈએ ફોન કરીને કે પત્રિકા આપીને જાણ કરી નથી, આ બાબતે ખુલાસો કરવામાં આવે. કારણ કે, આ મારું નહીં પરંતુ મારી જનતાનું અપમાન છે. કોઈ પત્રિકામાં મારું નામ છાપે અથવા તો કોઈ તકતીમાં મારું નામ છપાય તો જ હું કાર્યક્રમમાં આવું એવો માણસ નથી. મને મારા એક સરપંચે કહ્યું કે, "આટલો મોટો કાર્યક્રમ થઈ રહ્યો છે, માટે તમારે આવવું પડશે." તો એમની વાત સાંભળીને હું આવ્યો છું. હું કલેક્ટરને પૂછવા માંગું છું કે અમારાથી શું તકલીફ છે? શા માટે અમને આમંત્રણ આપવામાં આવતું નથી? તમારું વહીવટી તંત્ર શું ધંધા કરે છે, એ બધી અમને ખબર છે.

કલેક્ટરથી લઈને તલાટી સુધી તમે બધા જનતાના નોકર છો અને અમે સેવક છીએ. અમને અધિકાર આપવામાં આવ્યા છે અને અમે પ્રતિનિધિ છીએ. જનતાના પ્રતિનિધિને શા માટે આ કાર્યક્રમમાં બોલાવવામાં આવ્યા ન હતા? કોઈના કમલમના પૈસાથી આ બિલ્ડિંગ નથી બની. અમે ધારાસભ્ય તરીકે ચુંટાયા છીએ પરંતુ અમારો અવાજ દબાવવાની કોશિશ કરવામાં આવે છે. તેમણે આદિવાસી સમાજના દીકરા-દીકરીઓ ખૂબ ભણે અને પોતાની કારકિર્દી બનાવે એવી અમે શુભકામનાઓ પાઠવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વાલોડમાં સ્વ.ડો.જયપાલસિંહ મુંડાની જન્મજયંતી ઉજવાશે

વાલોડ: આદિવાસી સમાજના મહાન નેતા સ્વાતંત્ર્યસેનાની અને બંધારણ સભાના સભ્ય સ્વ.ડો.જયપાલસિંહ મુંડાની જન્મજયંતી નિમિત્તે આજે વાલોડ ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ડો.જયપાલસિંહ મુદ્દા જન્મ જયંતીના ઉજવણી પ્રસંગમાં આદિવાસી સંસ્કૃતિ પરંપરા અને સ્વાભિમાનને ઉજાગર કરતા વિવિધ કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમ દરમિયાન આદિવાસી પરંપરાગત વાનગીઓ કઠોળ, અનાજ, વાંસની સાઈ વાંદીક બનાવતો, નાગલીના પાપડ, બિસ્કિટ અને લાડુ, મહુડાનાં ફૂલના લાડુ, ઘાણીનું શુદ્ધ તેલ, પરંપરાગત પહેરવેશ તેમજ આયુર્વેદિક દવાઓના વિવિધ સ્ટોલો ગોઠવવામાં આવશે.

### માંડવીના દૂધમોગરા મંદિરથી ઈસર ગામના રોડનું નિર્માણ કાર્ય શરૂ



હિતેશ પટેલ

માંડવી: માંડવીના દૂધમોગરા મંદિરથી ઇસર ગામના વાવ ફળિયાને જોડતા રોડના નિર્માણ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. લાંબા સમયથી પ્રતીક્ષિત આ કામગીરીની શરૂઆત ગ્રામ પંચાયતના સરપંચ ધર્મેશભાઈ ચૌધરી, આગેવાનો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં વિધિવત પૂજા-અર્ચના સાથે થઈ હતી. આ માર્ગ વર્ષોથી જર્જરિત હાલતમાં હતો, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ, વિદ્યાર્થીઓ, વૃદ્ધો અને દૂધમોગરા મંદિરના શ્રદ્ધાળુઓને અવરજવરમાં ભારે મુશ્કેલીઓ પડતી હતી. ખાસ કરીને વરસાદી મોસમમાં કાદવ અને પાણી ભરાવાને કારણે વાહન વ્યવહાર પણ ખોરવાઈ જતો હતો. આ સમસ્યાના નિરાકરણ માટે ગ્રામ પંચાયત દ્વારા ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. માંડવી વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ દ્વારા આ રોડ મંજૂર કરવામાં આવ્યો હતો, જેનું ખાતમુહૂર્ત થોડા સમય અગાઉ કરવામાં આવ્યું હતું.

### માતૃ વંદના સાથે પ્રકૃતિ વંદના: ઈશ્વરસિંહે 5,000 ચંદનના છોડનું વિતરણ કર્યું



ભરૂચ: રાજ્યના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલનાં માતા શાંતાબહેન પટેલનું 95 વર્ષે વયે નિધન બાદ શુક્રવારે તેમના માદરે વતન કુડાદરા ગામે પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. હાંસોટના કુડાદરાના તેમના નિવાસ સ્થાને પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. તેમના પરિવારને સાંત્વના આપવા માટે ગુજરાતના આગેવાનો સહિત દક્ષિણ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં તેમના હિતેચ્છુઓ મળવા માટે આવ્યા હતા. તેમની પ્રાર્થના સભામાં એક ચંદનનો છોડ દરેકને વિતરિત કરાયો હતો. જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મંત્રી નરેશભાઈ પટેલ, માંગરોળના ધારાસભ્ય અને અનુસૂચિત જાતિના પ્રદેશ ભાજપ પ્રમુખ ગણપતભાઈ વસાવા, સાંસદ પ્રભુભાઈ વસાવા, મનસુખભાઈ વસાવા, કામરેજ સુગરના ચેરમેન અશ્વિન પટેલ, ભરૂચ જિલ્લાના તમામ ધારાસભ્યો સહિત દક્ષિણ ગુજરાતના સહકારી-રાજકીય આગેવાનો અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં આવેલા 5 હજારથી વધુ ચંદનના છોડ આપ્યા હતા. આ તબક્કે તેમણે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ' અભિયાન સહિત પર્યાવરણ પ્રત્યેની જવાબદારી અને ચંદનના છોડથી શીતળતા પ્રસરાવે એ માટે ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### આમલાખાડી પાસે ટેન્કરને અકસ્માત



સુરેશ ગાંધી

અંકલેશ્વર: સુરતથી અંકલેશ્વર તરફ આવી રહેલું એક ટેન્કર આમલાખાડી નજીક આવેલા બ્રિજ પર ચાલકનો સ્ટીયરિંગ પરથી કાબૂ છૂટી જતાં બ્રિજની રેલિંગ તોડી નીચે ખાબકી પડ્યું હતું. અકસ્માત દરમિયાન ટેન્કર પલટી મારી જતાં માર્ગ પર અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે કેમિકલ ટેન્કર ખાલી હોવાથી કોઈ મોટી જાનહાનિ કે આગ જેવી ગંભીર ઘટના સર્જાઈ નહોતી. અકસ્માતમાં ટેન્કરનો ડ્રાઈવર અને ક્લીનર બંનેનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો. બંનેને સામાન્ય ઇજાઓ સાથે સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ અને રાહત ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને વાહન વ્યવહારને થોડા સમય માટે નિયંત્રિત કરવામાં આવ્યો હતો. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

### વાલોડ તાલુકામાં આંબે મંજરી ફૂટતાં ખેડૂતોમાં હરખ



વાલોડ: છેલ્લા કેટલાક દિવસોથી સારી એવી ઠંડી પડી રહી છે. ત્યારે આંબા ઉપર સારો એવો મોર ફૂટતાં વાલોડ તાલુકાના ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. તો બીજી તરફ અચાનક વાતાવરણમાં આવેલ પલટાના કારણે આ મોર નષ્ટ ન થાય એની ચિંતા પણ સતાવી રહી છે.

# માખિંગામાં રિક્ષાને ટેમ્પોએ ટક્કર મારતાં ૪ મહિલા ઘાયલ

**કળશ યાત્રામાંથી પરત ફરતી વેળા મહિલાઓને અકસ્માત**

પલસાણા: પલસાણાના માખિંગા પાટિયા પાસે શિવ મહાપુરાણ કથાની કળશયાત્રા પૂર્ણ કરી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની રિક્ષાને પૂરઝડપે આવતા આઈશર ટેમ્પોએ અડફેટે લેતાં ચાર મહિલાઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. ટ્રાફિક પોલીસે સમયસૂચકતા વાપરી ઈજાગ્રસ્તોને પોતાની વાનમાં હોસ્પિટલ ખસેડ્યાં હતાં.

પલસાણાના ડાયમંડ પાર્ક સ્થિત "શ્રી લડ્ડુ ગોપાલ ગૌશાળા" દ્વારા આગામી ૪ થી તારીખથી શ્રી શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શુક્રવારે બપોરે ભવ્ય કળશયાત્રા કા ઢવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમ પૂર્ણ કરી કેટલાક શ્રદ્ધાળુઓ રિક્ષામાં બેસી ઘરે પરત ફરી રહ્યાં હતાં. દરમિયાન ને.હા. નં.૪૮ પર માખિંગા પાટિયા નજીક અમદાવાદ તરફથી આવી રહેલા આઈશર ટેમ્પો નં.(MH 14 LX 3701)ના ચાલકે રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં રિક્ષામાં સવાર ચાર મહિલા પૂજા ભુલાલાલ પંડિત (૫૦ વર્ષ) (રહે.,બાબેન રાજુનગર), સુનિતા રાજકુમાર સહાની (૩૮ વર્ષ) (રહે.,બાબેન, રામેશ્વરનગર), સંગીતા કમલેશ રાની (૩૮ વર્ષ) (રહે.,અરિહંત પાર્ક સોસાયટી, કડોદરા) અને અર્ચના વિવેક તિવારી (૩૨ વર્ષ) (રહે.,અરિહંત સોસાયટી, કડોદરા)ને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ દોડી આવેલી પોલીસે ઈજાગ્રસ્તોને પોતાની જ પોલીસ વાનમાં બેસાડી પલસાણા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચાડ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ બે મહિલાની હાલત વધુ નાજૂક જણાતાં તેમને વધુ સારવાર અર્થે બારડોલીની હોસ્પિટલમાં રિફર કરવામાં આવી છે.

## તસ્કરો એર કૂલરના સ્ક્રૂ ખોલી 1.95 લાખના દાગીના ચોરી ગયા

અંકલેશ્વર: અંકલેશ્વરના અંદાડા વિસ્તારમાં આધ્યા હોમ્સમાં અજાણ્યા ઈસમોએ એર કુલરમાં મુકેલા સોનાં-ચાંદીના ઘરેણાંની ચોરી કર્યાની ઘટના સામે આવી હતી. આધ્યા હોમ્સમાં રહેતા સુભાષચંદ્ર નગીનભાઈ ગોહીલ (ઉ.વ.29) ગત 31/12/2025ના રોજ સાંજે ઘર બંધ કરી નોકરીએ ગયા હતા. 1/1/2026ના રોજ સવારે ઘરે પરત ફરતા તેમણે ઘરના મુખ્ય દરવાજાનું લોક તૂટેલું તથા ઘરનો સામાન વેરવિખેર હાલતમાં જોયો હતો. તપાસ કરતા એર કુલરના સ્ક્રૂ ખોલેલા મળી આવ્યા હતા. એર કુલરમાં મુકેલી લાલ રંગની કાપડની બેગમાંથી સોનાના અંદાજે 15 ગ્રામના દાગીના કિંમત રૂ.1,93,500 તથા ચાંદીના 10 ગ્રામના દાગીના કિંમત રૂ. 2,380 મળી કુલ રૂ.1,95,880ની ચોરી થયેલ હોવાનુ બહાર આવ્યું હતું. બનાવ અંગે અંકલેશ્વર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે અજાણ્યા તસ્કરોની શોધખોળ શરૂ કરી છે.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૭૬/૨૦૨૫
તા.૩૦/૧૨/૨૦૨૫

વાદી :- વિક્રમસિંહ પ્રભાતસિંહ ખેર, રહે.૩૫, નરેન્દ્ર પાર્ક સોસાયટી, વડીયા, તા.નાંદોદ, જી.નર્મદા-૩૯૪૧૪૫.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તરસાડાબાર ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી વિક્રમસિંહ પ્રભાતસિંહ ખેર, રહે.૩૫, નરેન્દ્ર પાર્ક સોસાયટી, વડીયા, તા.નાંદોદ, જી.નર્મદા-૩૯૪૧૪૫એ તેઓના દાદી શતુબા મધુસિંહ ચૌહાણનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: શતુબા મધુસિંહ ચૌહાણ ૨. મરણ તારીખ: 14/08/1965 ૩. મરણનું સ્થળ: મોજે.તરસાડાબાર, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે શતુબા મધુસિંહ ચૌહાણના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.29/01/2026ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૯૫/૨૦૨૫
તા.૩૦/૧૨/૨૦૨૫

વાદી :- ડાહ્યાભાઇ ભવાનભાઇ પટેલ, રહે.મંદિર ફળિયું, કોસાડી, તા.માંડવી, જી.સુરત-૩૯૪૩૩૫.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કોસાડી ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ડાહ્યાભાઈ ભવાનભાઈ પટેલ, રહે.મંદિર ફળિયું, કોસાડી, તા.માંડવી, જી.સુરત-૩૯૪૩૩૫એ તેઓના માતા શાંતાબેન ભવાનભાઈ પટેલનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: શાંતાબેન ભવાનભાઈ પટેલ ૨. મરણ તારીખ: 12/04/1968 ૩. મરણનું સ્થળ: મોજે.કોસાડી, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે શાંતાબેન ભવાનભાઈ પટેલના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.29/01/2026ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૫૦૩/૨૦૨૫
તા.૩૦/૧૨/૨૦૨૫

વાદી :- દિનેશભાઇ વેચાણભાઇ વસાવા, રહે.લીંડીયાદ, વસાવા ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી રોસવાડ ગ્રામ પંચાયત, તા.અરેઠ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી દિનેશભાઇ વેચાણભાઇ વસાવા, રહે. લીંડીયાદ, વસાવા ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦એ તેઓના દાદી કંકુબેન નટવરભાઈ વસાવાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: કંકુબેન નટવરભાઈ વસાવા ૨. મરણ તારીખ: 08/09/2009 ૩. મરણનું સ્થળ: મોજે.રોસવાડ, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે કંકુબેન નટવરભાઈ વસાવાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.29/01/2026ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

# સોનગઢ નગરમાં ૨૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

**નગરપાલિકાએ ગૌરવ પથ સહિતના વિસ્તારોમાં તપાસ કરી**

સોનગઢ: સોનગઢ નગરપાલિકાની ટીમ દ્વારા શહેરના મુખ્ય માર્ગ ગૌરવ પથ, શાકભાજી માર્કેટ, હોકર્સ ઝોન, રિવર ફ્રન્ટ, મચ્છી માર્કેટ સહિતના વિસ્તારોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાહેરમાં ગંદકી કરતા તેમજ પ્રતિબંધિત સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા દુકાનદારો, લારી-ગલ્લા ધારકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ થતો હોવાને કારણે કુલ ૨૫ કિલોગ્રામ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું.

જાહેરમાં કચરો ફેંકી ગંદકી કરનાર પાસેથી કુલ રૂ.૧૨,૫૦૦નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો હતો. નગરપાલિકા દ્વારા તમામ નાગરિકોને કડક સૂચના આપવામાં આવી છે કે જાહેર સ્થળે કચરો ન ફેંકે અને કચરો કચરાપેટીમાં અથવા નગરપાલિકા દ્વારા ચલાવાતી ડોર ટુ ડોર કચરાગાડીમાં જ નાંખે.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ પહેલા નંદકિશોર ગિરિજાશંકર પંડ્યા હતું.જે બદલીને નવું નામ **નંદકિશોર ગિરજાશંકર પંડ્યા** રાખેલ છે.જેની સર્વેએ નોંધ લેવી,

-: સરનામું :-
21, ગ્રીન પાર્ક સોસાયટી, પોલીટેકનીક કોલેજની પાછળ, ભરૂચ-392001. (ગુજરાત)

Milano MULTIPLEX
બારડોલી
Ikkis
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Bicharo Bachelor-Gujarati
06:30pm
Avatar: Fire And Ash
10:30am, 09:30pm
Dhurandhar
12:00pm, 02:30pm, 05:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

**શ્રી કઠોર વિભાગ નાગરીક બચત અને ધિરાણ સહકારી મંડળી લિ., કઠોર**
'સહકાર સદન' ઠે.વાણીયાવાડ,મુ.પો.કઠોર-૩૯૪૧૫૦ તા.કામરેજ જી.સુરત.

**ચૂંટણી અંગેનું જાહેરનામું**

મંડળીના બંધારણની જોગવાઈ મુજબ સમગ્ર વ્યવસ્થાપક કમિટિના તમામ સભ્યો તા.૩૧-૦૩-૨૦૨૬ ના રોજ ફારેગ થાય છે અને તેઓ પુનઃ ઉમેદવારી કરી શકશે.

સને ૨૦૨૬'૨૦૨૭ થી સને ૨૦૩૦'૨૦૩૧ એટલે કે તા.૦૧-૦૪-૨૦૨૬ થી તા.૩૧-૦૩-૨૦૩૧ ના (પાંચ વર્ષે માટે) માટે મંડળીના પેટાનિયમોની જોગવાઈ મુજબ બેલેટ પધ્ધતિએ વ્યવસ્થાપક કમિટિના (૨૧) એકવીસ સભ્યોની ચૂંટણી કરવાની છે. દરેકે પેટાનિયમોનું પાલન કરવું ફરજીયાત છે.આ સાથે પે.નિ.૨૩ (૭) (૧) મુજબ ચૂંટણીનો વિગતવાર કાર્યક્રમ આપેલ છે. તેની નોંધ લેવા વિનંતિ.

| વિભાગ નં. | ગામનું નામ | કમિટિ સભ્ય સંખ્યા |
|---|---|---|
| ૧ | કઠોર | ૧૧ |
| ૨ | કામરેજ, નવાગામ | ૧ |
| ૩ | કામરેજ ચાર રસ્તા | ૧ |
| ૪ | ખોલવડ | ૧ |
| ૫ | અબ્રામા, અંત્રોલી, ઘલુડી, શેખપુર-રૂંઢ | ૧ |
| ૬ | વેલંજા | ૧ |
| ૭ | આબોલી | ૧ |
| ૮ | ધોરણપારડી, નવી પારડી, ચોર્યાસી | ૧ |
| ૧ થી ૮ | અનુસુચિત જાતિ અથવા અનુસુચિત જનજાતિ અનામત | ૧ |
| ૧ થી ૮ | મહીલા અનામત | ૨ |
| | કુલ સંખ્યા | ૨૧ |

વિભાગ ૧ થી ૮ માં જે તે વિભાગમાંથી જ ઉમેદવારી કરી શકાશે જયારે અનુસુચિત જાતિ અથવા અનુસુચિત જનજાતિ માટે અને મહીલાઓ માટે તમામ વિભાગમાંથી ઉમેદવારી કરી શકાશે અને તમામ વિભાગના સભાસદોએ નીચે જણાવેલ જે તે મતદાન સ્થળોએ મત આપવાનો રહેશે.

(૧) પ્રથમ મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ તથા સમય- ૦૬/૦૧/૨૦૨૬ સમય સવારે ૧૧ થી ૪ કલાક સુધી
(૨) મતદાર યાદી ઉપર વાંધા રજુ કરવાની તારીખ તથા સમય ૦૭/૦૧/૨૦૨૬ સમય સવારે ૧૧ થી ૪ કલાક સુધી
(૩) છેવટની મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ તથા સમય-૦૯-૦૧-૨૦૨૬ સમય સવારે ૧૧ થી ૪ કલાક સુધી
(૪) ઉમેદવારી પત્રો મેળવવાની તારીખ તથા.સમય- ૧૨/૦૧/૨૦૨૬ થી ૧૬/૦૧/૨૦૨૬ સમય સવારે ૧૦ થી ૩.૩૦ કલાક સુધી (રવિવાર તથા જાહેર રજાના દિવસો અને બીજા,ચોથા શનિવાર સિવાય)
(૫) ઉમેદવારી પત્રો ભરીને પરત આપવાની તારીખ તથા સમય-૧૨/૦૧/૨૦૨૬ થી ૧૬/૦૧/૨૦૨૬ સમય સવારે ૧૦ થી ૪ કલાક સુધી (રવિવાર તથા જાહેર રજાના દિવસો અને બીજા, ચોથા શનિવાર સિવાય)
(૬) ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ તથા સમય ૧૭/૦૧/૨૦૨૬ સમય સવારે ૧૧ થી ૩ કલાક સુધી
(૭) મંજુર થયેલ ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધીની તારીખ તથા સમય - ૧૯/૦૧/૨૦૨૬ સમય બપોરે ૩ થી ૫ કલાક સુધી
(૮) ઉમેદવારી પત્રો પાછા ખેચવાની તારીખ તથા સમય - ૨૨/૦૧/૨૦૨૬ સમય સવારે ૧૦ થી ૪ કલાક સુધી
(૯) ઉમેદવારોની છેવટની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ તથા સમય - ૨૩/૦૧/૨૦૨૬, સમય સવારે ૧૧ થી ૨ કલાક સુધી
(૧૦) મતદાનની તારીખ, સમય તથા સ્થળ- ૦૮/૦૨/૨૦૨૬, સવારે ૭ થી ૪ કલાક સુધી
(૧૧) મત ગણતરીની તારીખ તથા સમય ૦૯/૦૨/૨૦૨૬, સવારે ૮ કલાક થી પૂર્ણ થાય ત્યાં સુધી.
(૧૨) પરિણામ જાહેર કરવાની તારીખ - મત ગણતરી પુરી થયેથી.
(૧) મતદારોએ મતદાન કરવા માટે સંસ્થા તરફથી આપવામાં આવેલ ઓળખપત્ર અથવા ઓળખના પુરાવા રૂપે ફોટા સાથેના સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ કોઈપણ દસ્તાવેજ રજુ કરવાનો રહેશે.

તમામ સભાસદોશ્રીને જાણ માટે
(વધુ માહિતી મંડળીના નોટીસ બોર્ડ ઉપર)
સ્થળ: કઠોર તા. ૨૯/૧૨/૨૦૨૫

એડવોકેટ અલ્પેશ મગનભાઈ પરમાર
મુખ્ય ચૂંટાણી અધિકારીશ્રી
શ્રી ક.વિ.ના.બ અને ધિ.સ.મં.લિ. કઠોર